સુવિચાર : જાતને છેતરે છે જે જન, કોણ રે બચાવી શકે તેને આ લોક કે પરલોકમાં - વિમલા ઠાકોર

તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૯ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૬૫ | ૨૫ ઓગસ્ટ, ૨૦૧૫, મંગળવાર ; શ્રાવણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- શેરબજારમાં બ્લેક મન્ડે : ૧૬૨૫ પોઈન્ટનો વિક્રમી ઘટાડો નોંધાયો
- ચીનની મંદી વચ્ચે એશિયન બજારો પણ ધરાશાયી થયા
- અનેક વૈશ્વિક પરિબળોના કારણે શેરબજારમાં અંધાધુંધી : જેટલી
- ડોલર સામે રૂપિયો પણ ૬૬.૬૫ની નીચી સપાટીએ
- તીવ્ર દબાણ હેઠળ દાઉદને અન્યત્ર ખસેડાયો : રિપોર્ટ
- વૈષ્ણોદેવીની તરફ જતાં શ્રદ્ધાળુનું અટેકથી મોત
- આંધ્રપ્રદેશમાં બેંગલોર-નાંદેડ એક્સપ્રેસ લોરી સાથે ટકરાઇ
- આસામ પુર : તરૂણ ગોગોઇ દ્વારા હવાઈ નિરીક્ષણ કરાયું
- લક્ષકાંડ : એક્સાઈઝના ૯ અધિકારીઓ સસ્પેન્ડ
- કોલંબો ટેસ્ટમાં ભારતની ૨૭૮ રને શાનદાર જીત

# અમદાવાદમાં આજે પ્રચંડ શક્તિપ્રદર્શન



**તંત્ર સુસજ્જ : આજે ૨૦ લાખથી પણ વધારે લોકો પહોંચે તેવી શક્યતા : જીએમડીસી ગ્રાઉન્ડ ખાતેની મહારેલી અને અન્ય કાર્યક્રમને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા પોલીસ-તંત્ર સામે પડકારો**

અમદાવાદ,તા. ૨૪

અમદાવાદમાં અનામતની માંગણીને લઈને યોજનાર આવતીકાલના અભૂતપૂર્વ શક્તિપ્રદર્શન માટેનો તખ્તો તૈયાર કરી લેવામાં આવ્યો છે. પટેલ પાવર આમાં સંપૂર્ણ તાકાત સાથે દર્શાવવા પાટીદારો તૈયાર દેખાઈ રહ્યા છે. રાજ્યના જુદા જુદા ભાગોમાંથી આ મહારેલીમાં ભાગ લેવા માટે લાખોની સંખ્યામાં લોકો પહોંચનાર છે. આવી સ્થિતીમાં તંત્ર સામે મોટો પડકાર ઉભો થઈ ગયો છે. ગુજરાતમા આનંદીબેન સરકાર સામે પણ હજુ સુધીના સૌથી મોટા પડકાર તરીકે આને ગણવામાં આવે છે. આને શાંતિપૂર્ણરીતે પાર પાડવા તંત્રે કમર કસી છે છતાં લોકો વધારે હોવાથી ચિંતા અકબંધ દેખાઈ રહી છે. લાખો લોકો પહોંચનાર હોવાથી સમગ્ર રેલીમાં વ્યવસ્થાપન જાળવી રાખવા જોરદાર આયોજન કરવામાં આવ્યું છે. ૩૦ હજાર કાર્યકરોની ફોજ રાખવામાં આવી છે. જીએમડીસી રેલી માટેના આખા રૂટ ઉપર ૪૦થી વધુ પાણીની પરબ રાખવામાં આવી છે. જીએમડીસી ગ્રાઉન્ડ પર સભાના સ્થળે ૨૫ લાખ અને રેલીમાં ૬૦-૭૦ લાખ પાણીના પાઉચની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પાટીદારો માટે રહેવા, જમવા અને પાર્કીંગની પૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. ૫૦થી વધુ પાર્ટી પ્લોટ બુક કરી દેવાયા છે. બિલ્ડરોએ પણ પોતાની સ્કિમોના ઘણા ફ્લેટ ખોલી દીધા છે. બીજીબાજુ તંત્ર દ્વારા પણ તમામ પગલા લેવામાં આવ્યા છે. સવારે ૮ વાગ્યાથી રેલી માટે બસ રવાના થશે અને સાંજે ૫ વાગ્યા સુધી પરત ફરે

● અનુસંધાન પાન-૭ પર

## પાટીદાર હાઈવોલ્ટેજ રેલીને પગલે અમદાવાદ પોલીસ છાવણીમાં ફેરવાયુ

**આજની રેલી પહેલા પોલીસે મોરચા સંભાળી લીધા : અનિચ્છનીય બનાવોને ટાળવા માટે પોલીસની જુદી જુદી ટીમ**

અમદાવાદ,તા. ૨૪

અમદાવાદમાં આવતીકાલે અનામતને લઈને પાટીદોરાની રેલી અને કાર્યક્રમને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે અમદાવાદને છાવણીમાં ફેરવી દઈને પરિસ્થિતી પર ચાંપત નજર રાખવામાં આવી રહી છે. પોલીસે પોતાની રીતે તમામ તૈયારી કરી લીધી છે. આ દરમિયાન કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. વધુ આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી ૯૦૦૦૦ ઓફિસરો અને પોલીસ કર્મચારીઓની કોઈ રજા મંજુર કરવામાં આવનાર નથી. પરિપત્ર જારી કરવામાં આવ્યા બાદ સ્પષ્ટ સૂચના આપી દેવામાં આવી છે.

પાટીદારોના આંદોલનને ધ્યાનમાં લઈને જીએમડીસી ગ્રાઉન્ડમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ૭૦૦૦ શહેર પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજ્ય રિઝર્વ પોલીસની ૧૮ કંપનીઓ ગોઠવી દેવામાં આવી છે. આના માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ઘોડા પોલીસ પણ રાખવામાં આવી છે. નેત્રડ્રોનથી પણ નજર રાખવામાં આવી રહી છે. છથી વધુ બોંબ ડિટેક્શન અને બોંબ ડિસ્પોઝલ ટુકડીઓ પણ ગોઠવી દેવામાં આવી છે.

## જીએમડીસી ગ્રાઉન્ડને ૧૬ ઝોનમાં વહેંચી દેવામાં આવ્યુ

અમદાવાદ,તા.૨૪

જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પાટીદારોની મહાક્રાંતિ સભા અને ત્યારબાદ રેલીને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવાઈ છે, ત્યારે ગ્રાઉન્ડ ઉપર લોકોના પ્રોત્સાહન માટે વિશાળ સ્ટેજ બનાવવામાં આવ્યો છે. મીડિયા માટે પણ ૨૦-૨૦ ફુટના સ્ટેજ બનાવવામાં આવ્યા છે. ૨૦ ફુટની સરદાર પટેલની પ્રતિમા પણ બનાવવામાં આવી છે. જીએમડીસી ગ્રાઉન્ડને ૧૬ ઝોનમાં વેચી દેવામાં આવ્યું છે. દરેક ઝોનમાં એક પીએસઆઈ અને ત્રણ કોન્સ્ટેબલ તૈનાત રહેશે. સભા પર નજર રાખવા ડીવાયએસપી કક્ષાના અધિકારીઓ રહેશે. દરમિયાન અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા આવતીકાલે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ખાસ ટુકડી પણ ગોઠવવામાં આવશે. હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ એમએમ પ્રભાકરનું કહેવું છે કે, તમામ વિભાગોના સભ્યોની આ ટીમ બનેલી હશે. સવારે નવ વાગ્યાથી લઈને સાંજ સુધી આ ટીમ રહેશે. પાટીદાર નેતાઓનું કહેવું છે કે, કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પણ પગલા લેવાયા છે.

## અમદાવાદની શાળા-કોલેજોમાં આજે શિક્ષણ કાર્ય ઠપ રહેશે

**પાટીદાર આગેવાનો દ્વારા શાળા-કોલેજો બંધ રાખવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું**

અમદાવાદ, તા.૨૪

અમદાવાદમાં પાટીદારોની મહારેલીને અનુલક્ષી આવતી કાલે શહેરની મોટા ભાગની તેમાં પણ ખાસ કરીને પશ્ચિમ વિસ્તારની શાળા અને કોલેજોના સત્તાધીશો શૈક્ષણિક કાર્ય બંધ રહેશે. અમદાવાદની કેટલીક ખાનગી શાળાના સંચાલકોએ આ અંગે વાલીઓને સુચના પણ આપી દીધી છે.

બીજી બાજુ સ્કુલરિક્ષા અને વાન એસોસિયેશન દ્વારા પણ બંધનું એલાન કરાયું હોઈ વાલીઓ પોતાનાં સંતાનોને શાળામાં મોકલવાનું ટાળે તેમ છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદમાં યોજાનાર મહારેલીનાં પગલે પાટીદાર આગેવાનો દ્વારા શાળા-કોલેજો બંધ રાખવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જો કે ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતી અને જિલ્લા શિક્ષણાધીકારીએ શાળા-કોલેજો તેમની માંગ ફગાવીને શાળા-કોલેજો ચાલુ રાખવાની જાહેરાત કરી છે. જો આ જાહેરાત છતા આવતી કાલે મોટા ભાગની શાળા અને કોલેજોના સંચાલકો જ કોલેજો અને શાળાઓ બંધ રાખે તેવી શક્યતા છે.



**હર-હર મહાદેવ** - શ્રાવણ મહિનાના સોમવારે શહેરના શિવાલયો પૂજન-અર્ચન માટે છલકાયા હતા... ભગવાન શિવજીને રીઝવવા માટે ભાવિકોએ શીવલીંગ પર બિલિપત્ર તેમજ દૂધનો અભિષેક કરી જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધી માટેની પ્રાર્થના કરી હતી.

# આવતીકાલથી વિધાનસભા સત્રનો આરંભ

**સરકાર દ્વારા નવ સરકારી વિધયેકો રજુ કરવામાં આવશે : તૈયારીઓનો ધમધમાટ**

ગાંધીનગર, તા. ૨૪

બુધવારથી શરૂ થતા વિધાનસભાના ત્રિદિવસીય સત્ર દરમ્યાન રાજ્ય સરકાર નવ જેટલા સરકારી વિધેયકો મંજૂરી માટે રજુ કરશે.

બુધવારે બપોરે બાર વાગે વંદેમાતરમ્ના ગાનથી સત્રનો આરંભ થશે. પ્રથમ દિવસે ધારાસભ્ય રાજાભાઈ પટેલ તેમજ પૂર્વમંત્રી શ્રી સનતભાઈ મહેતા, પૂર્વ ધારાસભ્ય શ્રી બેચરભાઈ બારાના નિધન અંગે શોકદર્શક ઉલ્લેખ કરી શ્રદ્ધાંજલિ આપી ગૃહની કાર્યવાહી મુલ્તવી રહેશે.

ગુરૂવાર અને શુક્રવારે ગૃહની કાર્યવાહી ચાલશે. વિધાનસભા સચિવાલયે બન્ને દિવસોમાં સરકારી કામકાજ દર્શાવ્યું છે. શુક્રવારે સરકારી વિધેયકો ઉપરાંત છેલ્લા દિવસનો પ્રસ્તાવ ચર્ચામાં રહેશે.

વિધાનસભાના સત્રને લઈ આજે કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળશે જેમાં સરકારી વિધેયકો કેટલા ચર્ચામાં લેવા તેનો ક્રમ નિયત કરાશે. આ ઉપરાંત ગૃહમાં થનારી કાર્યવાહી અંગે પણ રૂપરેખા નિયત થશે.

વિધાનસભાના પ્રથમ દિવસ બાદ બે દિવસ માટે પ્રશ્નોત્તરી પણ છે. આ સત્ર દરમ્યાન સરકાર દ્વારા નવ વિધેયકો રજુ કરવામાં આવનાર છે.

સરકાર દ્વારા જે વિધેયકો રજુ કરવામાં આવનાર છે તેમાં મહેસુલ, શિક્ષણ વિભાગ તેમજ સામાન્ય વહીવટ અને કૃષિ વિભાગના વિધયેકો છે.

બીજી તરફ વિધાનસભાનું ધમધમાટ ચાલી રહી છે. વિધાનસભા સંકુલમાં રંગરોગાન તેમજ સફાઈની કાગીરી ઉપરાંત મરામતની કામગીરી તેમજ સુશોભનની કામગીરી પણ ચાલી રહી છે.

### સત્ર દરમિયાન ગૃહમાં રજુ થનાર બિલો

- ગુજરાત યુનિ. કાયદા (સુધારા) વિધેયક
- ગુરૂ ગોવિંદસિંહ યુનિ. વિધેયક
- ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ. વિધેયક
- ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયક
- ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (દ્વિતીય સુધારા) વિધેયક
- ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (દ્વિતીય સુધારા) વિધેયક
- ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા (સુધારા) વિધેયક
- ગુજરાત ગણોત સુધારા વિધેયક

વિધાનસભાના આ ત્રિદિવસીય સત્રની તૈયારીઓ આ સત્ર તોફાની સત્ર બની રહેશે તેવા સ્પષ્ટ સંકેત રાજકીય વર્તુળો આપી રહ્યા છે. બન્ને પક્ષો દ્વારા આ અંગેની વ્યુહરચના તૈયાર કરી લેવામાં આવી છે.

વિપક્ષ અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોમાં સહાયનું ચુકવણું નહિ થયાના આરોપ સાથે સરકાર સામે આક્રમક આરોપનામુ રજુ કરવાના મૂડમાં જણાય છે.

## જી-સ્વાનના એન્જિનિયરોની હડતાલથી સરકારનો સંદેશાવ્યવહાર ખોરવાયો

**પાંચ મહિનાથી પગાર નહિ ચુકવાયો હોવાથી તેમજ પગાર વધારો પણ પાંચ વર્ષથી નહિ મળતાં આંદોલન**

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સરકારની કોમ્યુનિકેશન સિસ્ટમ જી-સ્વાનના ૩૦૦ એન્જિનિયરો આજથી માસ સી.એલ. પર જતાં સરકારની સેવાઓ પર વિપરિત અસર પડી હતી.

આડે આ એન્જિનિયરોએ રાજ્યના મુખ્યસચિવશ્રીને મળી એક આવેદનપત્ર આપી પાંચ મહિનાનો ચડત પગાર તાત્કાલિક ચુકવવામાં આવે તેમજ ટુર ક્લેમ અને પ્રોવીડંન્ડ ફંડના નાણા પણ ચુકવાયા નથી તે માટે સત્વરે કાર્યવાહી થાય તેવી માંગણી કરી છે.

જી-સ્વાનના ૩૦૦ જેટલા કર્મચારીઓ આજથી માસ. સી.એલ. પર જતાં ઈન્ટરનેટ વીડીયો કોન્ફરન્સ, જી-સ્વાન નેટવર્ક મોનીટરીંગ સહિતની સેવાઓ ઠપ્પ થઈ જવા પામી હતી.રાજ્ય સરકારે તુલિપ ટેલિકોમ લિ.ને ટર્મીનેટ કર્યા પછી નિમાયેલ ભક્તિ કન્સલ્ટન્સીએ પણ પગાર વધારો આપ્યો નથી તેમજ પ્રમોશન પણ આપ્યા નથી. પગાર પણ ઓછો ચુકવવામાં આવતો હોવાની રજૂઆત આ એન્જિનિયરોએ કરી છે. એક જ પગાર ધોરણમાં ૫-૬ વર્ષથી કામ કરવું કેટલું અઘરું છે તે આપ આજની મોંઘવારીમાં સમજી શકો છો.

આ બાબતે વારંવાર રજૂઆત કરવા છતાં કંપની તરફથી કોઈ પ્રતિસાદ ન મળતાં ના છૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડી હોવાનું આવેદનપત્રમાં જણાવાયું છે..

દરમિયાન આજે આરોગ્ય કમિશનરે યોજેલી વિડીયો કોન્ફરન્સ આ હડતાલને પગલે રદ કરવી પડી હતી. તેમજ જિલ્લાઓમાં જી-સ્વાનનું સર્વ ધીમું પડી જતાં જનસેવા કેન્દ્રની ઘણી સેવાઓ ખોરવાઈ જવા પામી હતી. એક તરફ ડીઝીટલ ઈન્ડિયાની વાતો થાય છે ત્યારે સરકારની જ સેવાઓ આજે ખોરવાઈ જવા પામી છે તે યોગાનુયોગ છે.

## સિવિલ સંકુલમાં જ મચ્છરોના ધામા

**ડેન્ગ્યુ તેમજ મેલેરીયા ફેલાવતા મચ્છરોના મોટા પ્રમાણમાં બ્રીડીંગ મળ્યા : નવા સંકુલમાં તાત્કાલિક ફોગીંગ કરાયુ**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલમાં ગ્રાઉન્ડ ફ્લોર પરથી જ ડેન્ગ્યુ અને મેલેરિયા ફેલાવતા મચ્છરોના બ્રીડીંગ અને લારવા મોટી સંખ્યામાં મળી આવતાં તંત્ર દ્વારા તાત્કાલિક ફોગીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આ નવા સંકુલમાંથી એક જગ્યાએથી જ નહિ પણ વણવપરાયેલા રૂમોમાંથી પણ મચ્છરોના મોટા જથ્થામાં બ્રીડીંગ, લારવા તેમજ પોરા મળી આવ્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી અગાઉ પણ મોટી સંખ્યામાં લારવા અને બ્રિડીંગ મળ્યા હતા ત્યારે પણ મેલેરિયા તંત્રએ સઘન કામગીરી કરી હતી આ પછી ત્રીજીવાર આ સંકુલમાંથી મચ્છરોના બિર્ડીંગ મળી આવ્યા છે.

મચ્છરોના આ બ્રીડીંગ એટલી મોટી સંખ્યામાં હતા કે તાત્કાલિક ફોગીંગ કરવાની કામગીરી હાથ ધરવી પડી હતી.

મળતી વિગતો મુજબ આ ગ્રાઉન્ડ ફલોર પર વી.આઈ.પી. વોર્ડ તબદીલ કરવામાં આવનાર હતો.

આજે મળી આવેલા મચ્છરોના બ્રીડીંગ પછી તંત્રને તાત્કાલિક પગલાં લેવા તાકીદ કરવામાં આવી છે.

વી.આઈ.યુ.ના અધિકારીઓ દ્વારા આજે આ કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી મચ્છરોના મળેલા બ્રિડીંગને પગલે આરોગ્યના અધિકારીઓ પણ

● અનુસંધાન પાન-૭ પર


**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**જોઈએ છે**
મહિને ૧૫,૦૦૦/-થી ૨૦,૦૦૦/- ઘર બેઠાં કમાવો
ઉંમર : ૨૫ વર્ષથી ઉપર
લાયકાત : ૧૨ પાસ, ગ્રેજ્યુએટ
ઈન્ટરવ્યુ : તા. ૨૬/૮/૨૦૧૫ થી ૨૮/૮/૨૦૧૫
Documents, Pan Card, H.Sc. Markshit, Address proof, 3 Photos
સ્થળ : બીજો માળ, સુમન ટાવર, સેક્ટર-૧૧, ગાંધીનગર.
મો. : ૮૧૪૧૫૦૫૭૭૯

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હૉલ

નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299